ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/ ૧૪
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૦૭/૦૫/૨૦૨૧

## // પરિપત્ર //

વિષયઃ- **નિગમની ૨૦૦ હેકટરથી મોટી વસાહતોમાં ફાયર સ્ટેશન સ્થાપવા સારૂ સંબંધિત નોટીફાઇડ એરિયા ઓથોરીટી/સ્થાનિક વસાહત મંડળને જમીનની ફાળવણી કરવા બાબત.**

સંદર્ભઃ- (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/ વિતરણ/પોલીસી/૧(૮)/૦૫, તા.૦૬/૦૧/૨૦૧૯.
(૨) નિગમના ઠરાવ ક્રમાંકઃ ૯૭/પ્રિ-વિતરણ/૫૧૧, તા.30/03/૨૦૨૧.

નિગમ દ્વારા જુદી-જુદી વસાહતોમાં પ્લોટ/શેડ/વાણિજય મિલકત વિગેરેની ફાળવણીની સાથેસાથે વસાહતોને અનુરૂપ આનુષાંગિક સુવિધાઓ જેવી કે, હોસ્પિટલ, આઇટીઆઇ, ફાયર સ્ટેશન વિગેરેની ફાળવણી કરવા માટે નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/ પોલીસી/૧(૮)/૦૫, તા.૦૬/૦૧/૨૦૦૯ મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરને જમીન ફાળવવા માટે પ્રવર્તમાન ફાળવણીદરના ૫૦ ટકાના દરે જમીન ફાળવણી કરવાની નીતિ અમલમાં છે. વધુમાં, ઉપરોકત સુવિધાઓ માટે જે તે સંસ્થાને અથવા એનજીઓને જમીનની ફાળવણી કરવામાં આવે તો, સદર સંસ્થામાં સ્થાનિક નોટીફાઇડ એરિયા અધિકારી તેમજ સ્થાનિક વસાહત મંડળના એક પ્રતિનિધિ તેમજ જીઆઇડીસીના પ્રાદેશિક મેનેજરશ્રી/વિભાગીય પ્રબંધકશ્રીને સંસ્થા તરફથી નિયુકત કરવા બાબતની નીતિ અમલમાં છે.

તાજેતરમાં જીઆઇડસીની નરોડા, વટવા, સાણંદ અને વાપી વિગેરે જેવી વસાહતોમાં આગ લાગવાના બનાવો ધ્યાને આવેલ છે. સદર બાબતે સ્થાનિક વસાહત મંડળ ધ્વારા તેમજ એફ.આઇ.એ. અને જી.સી.સી.આઇ. ધ્વારા નિગમની વાસહતોમાં ફાયર સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવા રજૂઆતો મળેલ છે.

ઉપરોકત રજૂઆતો ધ્યાને લઇ, નિગમની વિવિધ વસાહતોમાં જો ફાયર સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ ન હોય તો જે વસાહતોમાં નોટીફાઇડ એરિયા જાહેર થયેલ હોય ત્યાં નોટીફાઇડ એરિયા ઓથોરીટીને અથવા જયાં નોટીફાઇડ એરિયા ઓથોરીટી ના હોય ત્યાં એફ.આઇ.એ. માન્ય સ્થાનિક વસાહત મંડળ ધ્વારા તા.૩૧/03/૨૦૨૨ સુધી જો દરખાસ્ત મળે તો, નિગમની

૨૦૦ હેકટર સુધીની ઔદ્યોગિક વસાહતોમાં ૧૫૦૦ ચો.મી. સુધીના યુટીલીટી પ્લોટની ફાળવણી સંબંધિત વસાહતના પ્રવર્તમાન વિતરણ દરના ૧૦ ટકાના ભાવે કરવાની રહેશે તેમજ ૨૦૦ હેકટરથી વધુની ઔદ્યોગિક વસાહતોમાં ૫૦૦૦ ચો.મી. ની મર્યાદામાં યુટીલીટી પ્લોટની ફાળવણી સંબંધિત વસાહતના પ્રવર્તમાન વિતરણ દરના ૨૦ ટકાના ભાવે કરવાની રહેશે. સદર નીતિ તા.૩૧/૦૩/૨૦૨૨ સુધી મળેલ ઓનલાઇન અરજીઓ અન્વયે અમલમાં રહેશે.

- સદર નીતિ અન્વયે ફાળવેલ યુટીલીટી પ્લોટ કબજો સોંપ્યા તારીખથી ૩ વર્ષમાં વપરાશમાં લેવાનો રહેશે. અન્યથા નિગમ દ્વારા પ્લોટ પરત લેવામાં આવશે.
- સદર હેતુ સિવાય અન્ય કોઈ હેતુ માટે **નોટીફાઇડ એરિયા ઓથોરીટી/સ્થાનિક વસાહત મંડળ** દ્વારા ઉપયોગ કરી શકાશે નહી.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)ને પાઠવવી.

**સહી/-**
**(એમ. થેન્નારસન)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યું**

મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર.